# વાપી મહાનગરપાલિકાની સ્થાયી સમિતિની કાર્યવાહી નોંધ

તા.૨૧/૦૯/૨૦૨૬

......................................................................................................................................................

**વાપી મહાનગરપાલિકાની સ્થાયી સમિતિની સભા આજ તા.૨૧/૦૯/૨૦૨૬ને શુક્રવારના રોજ સવારે ૧૧:૩૦ કલાકે ચેરમેનશ્રીના અધ્યક્ષસ્થાને વાપી મહાનગરપાલિકા મુખ્ય કચેરીના બીજા માળે સભાખંડમાં એજન્ડાના કામોના નિકાલ માટે મળી.**

**જેમાં નીચે મુજબના સભ્યશ્રીઓ હાજર/ગેરહાજર રહેલ હતા**

હાજર/ગેરહાજર રહેલ સભ્યશ્રીઓ

| અનુ.નં | સભ્યશ્રીનું નામ | હોદ્દો | હાજર/ગેરહાજર |
|---|---|---|---|
| ૧ | શ્રી સતિષભાઈ ગંગારામભાઈ પટેલ | ચેરમેનશ્રી | હાજર |
| ૨ | શ્રી સંદિપભાઇ અમૃતભાઇ પટેલ | સભ્યશ્રી | હાજર |
| ૩ | શ્રી યોગેશભાઇ રામુભાઇ પટેલ | સભ્યશ્રી | હાજર |
| ૪ | શ્રી કૌશિક પ્રલાદભાઇ પટેલ | સભ્યશ્રી | હાજર |
| ૫ | શ્રીમતી સુનિતા ઉમેશચંદ્ર તિવારી | સભ્યશ્રી | હાજર |
| ૬ | શ્રી દેવેન્દ્ર લલ્લુભાઇ પટેલ | સભ્યશ્રી | હાજર |
| ૭ | શ્રીમતી દેવલ દિપકભાઇ દેસાઇ | સભ્યશ્રી | હાજર |
| ૮ | તસ્લીમ સુલ્તાન બાબુલ | સભ્યશ્રી | હાજર |
| ૯ | શ્રી ભવલેશ જીવરાજભાઇ કોટડીયા | સભ્યશ્રી | ગેરહાજર |
| ૧૦ | શ્રીમતી મનીશાબેન દિનેશભાઇ દાયમા | સભ્યશ્રી | હાજર |
| ૧૧ | શ્રીમતી ટીનાબેન ભુપેન્દ્રભાઇ હળપતિ | સભ્યશ્રી | હાજર |
| ૧૨ | શ્રીમતી જેતલ મંગેશ પટેલ | સભ્યશ્રી | ગેરહાજર |

આજની સભામાં કોરમ થવાથી સભાની આગળની કાર્યવાહી શરૂ કરવામાં આવી.

**કામ નં. ૦૧ - વાપી મહાનગરપાલિકાની તા.૧૧/૦૯/૨૦૨૬ના રોજની સ્થાયી સમિતિની કાર્યવાહી નોંધને બહાલી આપવા બાબત.**

વાપી મહાનગરપાલિકાની સ્થાયી સમિતિની મીટીંગ તા.૧૧/૦૮/૨૦૨૬ના રોજ સવારે ૧૧:૩૦ કલાકે વાપી મહાનગરપાલિકા મુખ્ય કચેરીના બીજા માળે સભાખંડમાં મળી હતી. જે સ્થાયી સમિતિની મીટીંગમાં લેવામાં આવેલ કુલ કામ નં.૦૧ થી ૨૧ અન્વયે થયેલ ચર્ચા વિચારણા બાદ સ્થાયી સમિતિમાં લેવામાં આવેલ નિર્ણય અર્થે થયેલ ઠરાવ નં.૧૧૯ થી ૧૩૯ ને આજની સભામાં સર્વાનુમતે બહાલી આપવાનું ઠરાવવામાં આવે છે.

**સર્વાનુમતે મંજુર, ઠરાવ નં.૧૪૦**

FOR INFORMATION PURPOSE

## વાપી મહાનગરપાલિકાની સ્થાયી સમિતિની કાર્યવાહી નોંધ

તા.૨૧/૦૯/૨૦૨૬

**કામ નં. ૦૨ - વાપી શહેરી બસ સેવાના સંચાલન, જાળવણી અને નીતિ ઘડતર માટે સ્પેશીયલ પર્પઝ વ્હીકલ(SPV) ના રિવાઈઝ્ડ બોર્ડ ઓફ ડીરેક્ટરો તથા શેર કેપીટલની મંજૂરી આપવા બાબત.**

વાપી મહાનગરપાલિકા દ્વારા અગાઉ વહીવટદારશ્રીના ઠરાવ નં.૪૫ તા.૦૨/૦૨/૨૦૨૬ થી “વાપી સીટી બસ સર્વિસ લિમિટેડ” ના નામે કંપની(SPV) બનાવવા તથા બોર્ડ ઓફ ડિરેક્ટરોની નિમણૂક તથા શેર કેપિટલની મંજુરી આપવાનું ઠરાવવામાં આવેલ છે. જે બાદ બોર્ડ ઓફ ડિરેક્ટર્સમાં સમાવેશ થયેલ Dy. Municipal Commissioner (Project), VPMC – MD & CEOશ્રીની બદલી થતાં તે પદ ખાલી હોવાથી તથા નવી નિમણૂક કરવામાં આવેલ ન હોવાથી અન્ય Dy. Municipal Commissioner, VPMC શ્રી, વાપી મહાનગરપાલિકા પાસે ટ્રાન્સપોર્ટ વિભાગનો ચાર્જ હતો તથા તેઓ VUDA (CEA) તરીકે પણ કાર્યરત હતાં. આથી એક જ વ્યક્તિ બે અલગ અલગ પદ'[] પર બોર્ડ ઓફ ડિરેક્ટર તરીકે રહી શકતા ન હોવાથી, બોર્ડ ઓફ ડિરેક્ટર્સમાં જરૂરી ફેરફાર કરવાનું યોગ્ય હોવાથી વહીવટદારશ્રી, વાપી મહાનગરપાલિકા દ્વારા ઠરાવ નં.૧૫૬ તા.૩૦/૦૩/૨૦૨૬ થી રીવાઈઝડ બોર્ડ ઓફ ડિરેક્ટરોની તથા શેર કેપિટલની મંજુરી આપવાનું ઠરાવવામાં આવેલ. જે બાદ તા.૩૦/૦૬/૨૦૨૬ ના રોજ વાપી મહાનગરપાલિકાની સામાન્ય સભામાં ખાસ સમિતિઓ અને સમિતિના ચેરમેન/સભ્યોની મંજુરી આપવામાં આવેલ છે. જે ધ્યાને લઇ બોર્ડ ઓફ ડિરેક્ટર્સમાં જરૂરી ફેરફાર કરવાનું યોગ્ય જણાય છે. તે મ્યુનિસિપલ કમિશ્નરશ્રી ધ્વારા રજુ કરેલ રીવાઈઝડ બોર્ડ ઓફ ડિરેક્ટર્સ તથા રીવાઈઝ શેર કેપિટલની વિગતો અંગે ચર્ચા વિચારણા કરતા નીચે મુજબના રીવાઈઝડ બોર્ડ ઓફ ડિરેક્ટર્સ તથા રીવાઈઝ શેર એલોટમેન્ટ ની વિગતો નીચે મુજબ મંજુર કરવાની થાય છે.

- રીવાઈઝડ બોર્ડ ઓફ ડિરેક્ટર્સની વિગત

| SR. NO. | Board of Directors Details | Position |
|---|---|---|
| 1 | Commissioner, VPMC | Chairman, VCSL |
| 2 | Dy. Municipal Commissioner, VPMC | MD & CEO |
| 3 | Dy.Mayor,VPMC | Director |
| 4 | Chairman Standing Committee, VPMC | Director |
| 5 | Chairman Transport Committee, VPMC | Director |
| 6 | Transport Manager, VPMC | Director |
| 7 | City Engineer, VPMC | Director |
| 8 | Chief Accountant, VPMC | Director |
| 9 | Representative of VUDA (Junior Town Planner) | Director |
| 10 | Police Representative (DYSP, Vapi) | Invites |
| 11 | RTO, Valsad | Invites |

- રીવાઈઝડ શેર એલોટમેન્ટની વિગત

| Sr. No. | Subscriber | No. of Shares | % Holding |
|---|---|---|---|
| 1 | Vapi Municipal Corporation (VPMC) Authorized Commissioner, VPMC | 24,99,992 | 99.99968% |
| 2 | Dy. Municipal Commissioner, VPMC | 1 | 0.00004% |
| 3 | Dy. Mayor, VPMC | 1 | 0.00004% |
| 4 | Chairman Standing Committee, VPMC | 1 | 0.00004% |

FOR INFORMATION PURPOSE

## વાપી મહાનગરપાલિકાની સ્થાયી સમિતિની કાર્યવાહી નોંધ

તા.૨૧/૦૯/૨૦૨૬

| Sr. No. | Subscriber | No. of Shares | % Holding |
|---|---|---|---|
| 5 | Chairman Transport Committee, VPMC | 1 | 0.00004% |
| 6 | Transport Manager, VPMC | 1 | 0.00004% |
| 7 | City Engineer, VPMC | 1 | 0.00004% |
| 8 | Chief Accountant, VPMC | 1 | 0.00004% |
| 9 | Representative of VUDA (Junior Town Planner) | 1 | 0.00004% |
| | **Total** | **25,00,000** | **100%** |

**ઉપરોક્ત સ્પેશિયલ પર્પઝ વ્હીકલ (SPV)નાં રીવાઈઝડ બોર્ડ ઓફ ડિરેક્ટર્સની નિમણૂકની તથા શેર એલોટમેન્ટની મંજુરી આપવાનું સર્વાનુમતે ઠરાવવામાં આવે છે. તથા સદરહુ બાબતની મંજૂરી અર્થે આગામી સામાન્ય સભાને ભલામણ કરવામાં આવે છે.**

**સર્વાનુમતે મંજુર, ઠરાવ નં.૧૪૧**

**કામ નં. 03 - તત્કાલીન નગરપાલિકા ધ્વારા નિયુક્ત થયેલ અને હાલે વાપી મહાનગરપાલિકામાં કામગીરી ફીક્સ પગાર આધારિત કર્મચારીઓ (સફાઈ કામદારો) ને લાંબા સમયગાળાની નિમણુક આપવા બાબત.**

વાપી નગરપાલિકામાં પસંદગી સમિતિ દ્વારા તૈયાર કરેલ ઉમેદવારોની યાદીથી તત્કાલિન વાપી નગરપાલિકાના પસંદગી સમિતિ દ્વારા સફાઇ કામદારોની પસંદગી કરાયેલ ઉમેદવારોની યાદી તૈયાર કરવામાં આવેલ હતી. જે વાપી નગરપાલિકામાં પસંદગી સમિતિ દ્વારા તૈયાર કરેલ ઉમેદવારોની યાદીના આધિને પ્રાદેશિક કમિશ્નર નગરપાલિકાઓની કચેરી, સુરતના હુકમ નં.પ્રાકન/મકમ/વાપી/ સફાઇકામદાર/ભરતી/વશી/૬૪૮૨ થી ૬૪૮૩/૨૦૨૧, તા.૦૫/૧૦/૨૦૨૧ થી વાપી નગરપાલિકા ખાતે સફાઇ કામદારોની સીધી ભરતી પ્રક્રિયા પૂર્ણ કરી કુલ-૫૭ ઉમેદવારોની પસંદગી કરી હુકમ કરવામાં આવેલ છે.

વધુમાં ગુજરાત સરકારશ્રીના શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ ગાંધીનગરના નોટીફિકેશન નં. KV-10 of 2025 -UDUHD/COC/e-file/18/2024/6141/P Section DL01-01-2025 હેઠળના નોટીફીકેશનથી નવરચિત વાપી મહાનગરપાલિકાની રચના કરવામાં આવેલ છે. જેમાં વાપી નગરપાલિકા ઉપરાંત આસપાસના કુલ-૧૨ ગામોનો સમાવેશ કરવામાં આવેલ છે. જે ગામોમાં નામધા, ચંડોર, બલિઠા, છીરી, છરવાડા, સલવાવ, વટાર, કુંતા, તરકપારડી, મોરાઈ, ચણોદ, કરવડનો સમાવેશ થયેલ છે.

વધુમાં ગુજરાત સરકારશ્રીના શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ ગાંધીનગરના નોટીફિકેશન નં. KV-11 of 2025 -UDUHD/COC/e-file/18/2024/6141/P Section D1.01-01-2025 થી કાયદાની કલમ-૪૯૩ હેઠળના પરિશિષ્ટ-૪ના ભાગ નં.૪ના ફકરા નં.૨૨ અને ૨૨(બી) દ્વારા આપવામાં આવેલી સત્તાઓનો ઉપયોગ કરીને વાપી મહાનગરપાલિકા ખાતેની વાપી શહેરની મ્યુનિસિપલ કોર્પોરેશનની રચના કરવા તા.૦૧/૦૧/૨૦૨૫ થી જિલ્લા કલેકટરશ્રી,વલસાડને એક વર્ષના સમયગાળા માટે તથા મ્યુનિસિપલ કોર્પોરેશનમાં પ્રથમ ચૂંટણીમાં કાઉન્સિલરો ચૂંટાય ન જાય ત્યાં સુધી વાપી મહાનગરપાલિકાના વહીવટદારશ્રી તરીકે નિયુકત કરવામાં આવેલ છે. તેમજ ગુજરાત સરકારશ્રીના શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ ગાંધીનગરના નોટીફિકેશન નં. KV-12 of 2025 -UDUHD/COC/e-file/18/2024/6141/P Section Dt.01-01-2025 થી પહેલાંના તત્કાલિન નગરપાલિકા અને ગ્રામ પંચાયતોના કર્મચારી રહેલા તમામ અધિકારી/કર્મચારી અને સેવકોને વાપી મહાનગરપાલિકામાં સમાવેશ કરવામાં આવેલ છે.

FOR INFORMATION PURPOSE

# વાપી મહાનગરપાલિકાની સ્થાયી સમિતિની કાર્યવાહી નોંધ

તા.૨૧/૦૯/૨૦૨૬

..........................................................................................................................................

વધુમાં માન વહીવટદારશ્રીનો ઠરાવ નં.૪૫૧ અને ૪૫૨, તા.૦૬.૧૦.૨૦૨૫ થી સરકારશ્રી દ્વારા ઉભી કરવામાં આવેલ નવરચિત મહાનગરપાલિકા હસ્તકની ધી ગુજરાત પ્રોવિઝનલ મ્યુનિસિપલ કોપોરેશન એક્ટ ૧૯૪૯ ની કલમ-૪૫ અને કલમ-૫૧(૪)ની જોગવાઈ હેઠળ વર્ગ-૧ અને વર્ગ-૨ ની વૈધાનિક જગ્યાઓ ઉભી કરવામાં આવેલ છે,તથા વાપી મહાનગરપાલિકાની વર્ગ-૨ અને વર્ગ-૩ની જગ્યાઓ ઉભી કરવામાં આવેલ છે. જે વાપી મહાનગરપાલિકામાં અપનાવવા માટે સેટઅપ મુજબની જગ્યા મંજૂર કરવા માટે માન વહીવટદારશ્રી દ્વારા ઠરાવ નં.૪૫૧, તા.૦૬.૧૦.૨૦૨૫ થી ઠરાવ કરવામાં આવેલ છે. જેમાં વર્ગ-૪ ની જગ્યાઓ મંજૂર કરવામાં આવેલ ન હતી.

ઉક્ત માન વહીવટદારશ્રીનો ઠરાવ નં.૪૫૩, તા.૦૬.૧૦.૨૦૨૫ હેઠળથી મંજુર થયેલ મહેકમ સેટઅપમાં વર્ગ-૪ની જગ્યાઓ મંજુર કરવામાં આવેલ ન હોવાથી તથા શરત નં.૧૦માં વર્ગ-૪ની જગ્યાઓ આઉટસોર્સિંગથી ભરવા માટે જણાવેલ છે.પરંતુ તત્કાલીન નગરપાલિકાના કાયમી મહેકમ સેટઅપ ઉપર ભરતી થયેલ અને તત્કાલીન નગરપાલિકામાં કામગીરી કરતા વર્ગ-૪ના કૂલ-૬૮ કર્મચારીઓને જયારે બઢતી આપવામાં આવે અથવા તો તેઓ નિવૃત થાય ત્યાં સુધી સદર જગ્યા મહાનગરપાલિકામાં ચાલુ રાખવા માટે માન વહીવટદારશ્રીનો ઠરાવ નં.૪૫૩, તા.૦૬.૧૦.૨૦૨૫ અને અત્રેના સ્થાયી સમિતિના ઠરાવ નં.૪૫(૩), તા.૨૨/૦૬/૨૦૨૬ હેઠળના ઠરાવથી ઠરાવેલ છે. જે અત્રેના સ્થાયી સમિતિના ઠરાવ નં.૪૫(૩), તા.૨૨/૦૬/૨૦૨૬ ના ઠરાવના આધિને તત્કાલિન નગરપાલિકા સમયથી વર્ગ-૩ અને વર્ગ-૪નાં વિવિધ સંવર્ગો ઉપર ફરજ બજાવી રહેલ ફિક્સ કર્મચારીઓને નવરચિત વાપી મહાનગરપાલિકામાં સમાવેશ કરવામાં આવેલ છે. જે સંવર્ગો પૈકી તત્કાલિન નગરપાલિકા દ્વારા તા.૨૨/૧૦/૨૦૨૧ થી નિમણુંક પામેલ અને હાલમાં વાપી મહાનગરપાલિકામાં સમાવેશ થયેલ વર્ગ-૪ ના નીચે મુજબના સફાઇ કામદારોને તેઓના પાંચ વર્ષના સમયગાળા દરમિયાન તેઓની કપાત પગારના દિવસોને ધ્યાને લઇ એટલે કે કપાત પગારના દિવસો જેટલા દિવસો થશે તેટલા દિવસો પાંચ વર્ષના પૂર્ણતામાં વધુ લંબાવી  પાંચ વર્ષનો સમયગાળો ગણી તેઓને લાંબાગાળાની નિમણુંક આપવાની થાય છે. જેને આજની સભામાં મંજુર કરી બહાલી અર્થે આગામી સામાન્ય સભાને ભલામણ કરવાનું સર્વાનુમતે ઠરાવવામાં આવે છે.

| Sr No. | Name | Designation | હાજર તારીખ |
|---|---|---|---|
| 1 | જીતેશભાઈ હરીશભાઈ સોલંકી | સફાઈ કામદાર | 22-10-2021 |
| 2 | સુનિલભાઈ દિનેશભાઈ સોલંકી | સફાઈ કામદાર | 22-10-2021 |
| 3 | અરુણ વિનોદભાઇ સોલંકી | સફાઈ કામદાર | 22-10-2021 |
| 4 | લાલી કન્ના હરીજન | સફાઈ કામદાર | 22-10-2021 |
| 5 | કેતન હરીશ પરમાર | સફાઈ કામદાર | 22-10-2021 |
| 6 | જીગર જતેન્દ્રભાઈ સોલંકી | સફાઈ કામદાર | 22-10-2021 |
| 7 | વિમલ ભુપેન્દ્ર રાવલ | સફાઈ કામદાર | 22-10-2021 |
| 8 | રામા મિલન થાપા | સફાઈ કામદાર | 25-10-2021 |
| 9 | ધવલ નવિનભાઈ પટેલ | સફાઈ કામદાર | 25-10-2021 |
| 10 | દિવ્યેશ ઝવેરભાઇ પટેલ | સફાઈ કામદાર | 25-10-2021 |
| 11 | અક્ષય કીકુભાઈ પટેલ | સફાઈ કામદાર | 25-10-2021 |
| 12 | ઉષા સદાશીવ કસ્બે | સફાઈ કામદાર | 25-10-2021 |
| 13 | જીતેન્દ્ર રતીલાલ કસબે | સફાઈ કામદાર | 25-10-2021 |
| 14 | નિમિષા ચીરાગ અભોડે | સફાઈ કામદાર | 25-10-2021 |
| 15 | પ્રિયંકા ભીખુભાઇ પરમાર | સફાઈ કામદાર | 25-10-2021 |
| 16 | દશરથ શીવા ઢાલવાલે | સફાઈ કામદાર | 25-10-2021 |
| 17 | મયંક ભીખુભાઇ આહિર | સફાઈ કામદાર | 25-10-2021 |
| 18 | જયેશ રતીલાલ આહીર | સફાઈ કામદાર | 25-10-2021 |
| 19 | હસમુખ નટુભાઈ આહિર | સફાઈ કામદાર | 25-10-2021 |

FOR INFORMATION PURPOSE

## વાપી મહાનગરપાલિકાની સ્થાયી સમિતિની કાર્યવાહી નોંધ

તા.૨૧/૦૯/૨૦૨૬

| | | | |
|---|---|---|---|
| 20 | હિનાલી કિરણ બોરડીયા | સફાઇ કામદાર | 25–10–2021 |
| 21 | નિર્મલ ભીખુભાઈ આહિર | સફાઇ કામદાર | 25–10–2021 |
| 22 | જયેશ બાબુભાઈ આહિર | સફાઇ કામદાર | 25–10–2021 |
| 23 | ખુશ્બુ મનેશભાઇ આહિર | સફાઇ કામદાર | 25–10–2021 |
| 24 | મોહિની અજયભાઇ પટેલ | સફાઇ કામદાર | 25–10–2021 |
| 25 | હસુબેન ગીરીશભાઇ આહીર | સફાઇ કામદાર | 25–10–2021 |
| 26 | વાસંતીબેન કાંતી મૈસુરીયા | સફાઇ કામદાર | 26–10–2021 |
| 27 | રાકેશ ઉદય હળપતિ | સફાઇ કામદાર | 26–10–2021 |
| 28 | નૈતિક હરીશ કંથારીયા | સફાઇ કામદાર | 26–10–2021 |
| 29 | વિરેન્દ્રસિંહ કુલસિહ પરમાર | સફાઇ કામદાર | 26–10–2021 |
| 30 | મોતીબેન યોગેશ સોલંકી | સફાઇ કામદાર | 26–10–2021 |
| 31 | જીગર રમેશભાઇ પરમાર | સફાઇ કામદાર | 26–10–2021 |
| 32 | દક્ષાબેન ગમનભાઇ પટેલ | સફાઇ કામદાર | 26–10–2021 |
| 33 | હેમંત સંજયભાઈ બોરસે | સફાઇ કામદાર | 26–10–2021 |
| 34 | રાહુલભાઇ ભગવાનભાઇ પાટીલ | સફાઇ કામદાર | 26–10–2021 |
| 35 | પ્રગ્નેશ હરીશભાઇ ઓઝા | સફાઇ કામદાર | 26–10–2021 |
| 36 | સતીષ છનાભાઇ ગાવિત | સફાઇ કામદાર | 27–10–2021 |
| 37 | સુનંદાબેન મોહનભાઇ ગાયકવાડ | સફાઇ કામદાર | 27–10–2021 |
| 38 | સ્મિતાબેન રાજેશ હળપતિ | સફાઇ કામદાર | 27–10–2021 |
| 39 | ધર્મિષ્ઠા ખેતુભા જાડેજા | સફાઇ કામદાર | 27–10–2021 |
| 40 | બંકિમકુમાર જીતેન્દ્રભાઇ ચાંપાનેરી | સફાઇ કામદાર | 27–10–2021 |
| 41 | પ્રિયંકાકુમારી જીજ્ઞેશકુમાર પટેલ | સફાઇ કામદાર | 27–10–2021 |
| 42 | કલ્પના બાબુભાઈ આહિર | સફાઇ કામદાર | 27–10–2021 |
| 43 | કુલદિપસિંહ મહેન્દ્રસિંહ ગોહિલ | સફાઇ કામદાર | 28–10–2021 |
| 44 | હિરલ ધમેન્દ્રભાઇ આહિર | સફાઇ કામદાર | 28–10–2021 |
| 45 | સચીન મંગાભાઇ હળપતિ | સફાઇ કામદાર | 28–10–2021 |
| 46 | રેખા મુકેશ લોન્ડે | સફાઇ કામદાર | 28–10–2021 |
| 47 | મુકેશ ગોપીચંદ લોન્ડે | સફાઇ કામદાર | 28–10–2021 |

**સર્વાનુમતે મંજુર, ઠરાવ નં.૧૪૨**

**કામ નં. ૦૪ - ધી.જી.પી.એમ.સી. એક્ટની કલમ-૧૯(A) અન્વયે કોર્પોરેશનના સદસ્યોના માનદ વેતન અને ભથ્થાઓની ચુકવણી કરવા બાબતે બજેટની જોગવાઈ કરવા બાબતે.**

વાપી મહાનગરપાલિકાની રચના તા.૦૧/૦૧/૨૦૨૫થી અસ્તિત્વમાં આવેલ છે. ધી ગુજરાત પ્રોવિન્સિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન એક્ટ-૧૯૪૯ની કલમ-૧૯ ક.(A) હેઠળ રાજ્ય સરકારની પૂર્વ મંજૂરી લઈને દરેક કાઉન્સિલરને નિયમોથી ઠરાવવામાં આવે તેવા માનદ વેતન, ફી અથવા બીજા ભથ્થા આપી શકાય તેવી જોગવાઈ છે. શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગનાં પત્ર નં.UDUHD/0033/0૬/૨૦૨૬ તા.૦૮/૦૬/૨૦૨૬ નાં પત્રથી રાજ્યની નવરચિત ૦૯ મહાનગરપાલિકાઓના કાઉન્સિલરોને ચૂકવવાના માનદ વેતન અને ભથ્થાઓની મહત્તમ નાણાંકીય મર્યાદા નિયત કરેલ છે. જે અન્વયે વાપી મહાનગરપાલિકા ધ્વારા ધી જી.પી.એમ.સી. એક્ટ,૧૯૪૯ની કલમ-૪૫૫ અને કલમ-૪૫૬ હેઠળ ધી જી.પી.એમ.સી. એક્ટની કલમ-૧૯ ક.(A) અન્વયે "વાપી મહાનગરપાલિકાનાં સદસ્યોના માનદ વેતન અને ભથ્થા અંગેનાં નિયમો-૨૦૨૬" તૈયાર કરવામાં આવેલ છે. જે તૈયાર કરવામાં આવેલ નિયમો વાપી મહાનગરપાલિકાની તા.૨૩/૦૭/૨૦૨૬ની સ્થાયી સમિતિમાં ઠરાવ નં.૬૭

FOR INFORMATION PURPOSE

## વાપી મહાનગરપાલિકાની સ્થાયી સમિતિની કાર્યવાહી નોંધ

તા.૨૧/૦૯/૨૦૨૬

અને તા.૩૧/૦૭/૨૦૨૬ની સામાન્ય સભામાં ઠરાવ નં.૧૨થી મંજૂરી મેળવેલ છે. જે નિયમો મંજૂરી અર્થે શહેરી વિકાસ વિભાગમાં મોકલવામાં આવેલ છે. જે મંજૂરી મળ્યેથી કોર્પોરેશનના સદસ્યોના માનદ વેતન અને ભથ્થાઓની ચુકવણી કરવાની થાય છે જે માટે બજેટમાં જોગવાઈ કરવાની થાય છે. જે માટે આગામી બજેટ સુધારણાની મંજૂરીની અપેક્ષાએ "સદસ્યોના માનદવેતન અને ભથ્થા માં રૂ.૬૬,૦૦,૦૦૦/-ની બજેટની ફાળવણી કરવાનું સર્વાનુમતે ઠરાવવામાં આવે છે.

**સર્વાનુમતે મંજુર, ઠરાવ નં.૧૪૩**

**કામ નં. ૫ - વાપી મહાનગરપાલિકાના વિવિધ વિભાગ ધ્વારા વિવિધ દરખાસ્ત મુજબના અલગ અલગ માસમાં થયેલ ખર્ચ અંગેના પત્રક-અ અને પત્રક-બ ને બહાલી આપવા બાબત.**

વાપી મહાનગરપાલિકા દ્વારા નીચે દર્શાવેલ વિગત અનુસાર પત્રક-અ તથા પત્રક-બ મુજબ વિવિધ કામના થયેલ/થનાર ખર્ચની તે સાથે સામેલ વિગત અનુસાર સક્ષમ સત્તાધિકારીશ્રીની મંજુરીથી કરાવેલ કામોએ થયેલ રૂા.૧૦૦૦/- કરતા વધુ રકમના થયેલ/થનાર ખર્ચ તથા રૂા.૫૦૦૦/-થી વધુ અને શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના ઠરાવ ક્રમાંક UDUHD/MSM/e-file/18/2025/0773/P Section તા.૧૨.૦૨.૨૦૨૫થી રૂ.૫૦૦૦૦૦/- સુધીની રકમના થયેલ/થનાર ખર્ચની ધી.જી.પી.એમ.સી.એક્ટ-૧૯૪૯ની કલમ ૭૩(ધ)(ઊ) અન્વયે સ્થાયી સમિતિને જાણ કરવાની થાય છે. જેને આજની સભામાં સર્વાનુમતે બહાલી આપવાનું ઠરાવવામાં આવે છે.

| અ.નં. | ખાતાનું નામ | પત્રક-અ | | પત્રક-બ | |
|---|---|---|---|---|---|
| | | કામની સંખ્યા | ખર્ચ રૂ./- | કામની સંખ્યા | ખર્ચ રૂ./- |
| ૧ | ડ્રેનેજ વિભાગ | ૧૩ | ૮૦૫૮૭૨૮ | ૦૧ | ૩૮૧૬ |
| ૨ | વહીવટી વિભાગ | ૧૮ | ૪૩૮૯૧૪૨ | ૪૦ | ૧૮૭૨૨૩૩૭ |
| ૩ | ટાઉન પ્લાનીંગ વિભાગ | ૦૨ | ૨૦૧૩૩૪૬ | ૦૦ | ૦૦ |
| ૪ | એસ્ટેટ વિભાગ | ૧૫ | ૭૫૫૩૪૦ | ૦૧ | ૧૦૫૦ |
| ૫ | ઘરવેરા વિભાગ | ૦૨ | ૧૪૪૬૩૦૪ | ૦૨ | ૫૨૪૦ |

**સર્વાનુમતે મંજુર, ઠરાવ નં.૧૪૪**

- વધુમાં મ્યુનિસિપલ સેક્રેટરી દ્વારા જાણ કરવામાં આવી કે, ગુજરાત સરકાર મહિલા અને બાળ વિકાસ વિભાગના નોટીફિકેશન ક્રમાંક : WCDD/0125/09/2026 તા. 16/09/2026 હેઠળના પત્રથી વલસાડ જિલ્લા પંચાયત હસ્તકની કુલ-૧૪૫ આંગણવાડી કેન્દ્રો, સેજા, ઘટક તમામ મહેકમ સાથે વાપી મહાનગરપાલિકા હસ્તક મુકવામાં આવેલ છે.
- વધુમાં સભ્યશ્રી યોગેશભાઈ પટેલ દ્વારા સલવાવ કુંભારવાડથી કુંભારવાડ ચોકડી સુધી અને કુંભારવાડ ચોકડીથી બલીઠા બિલખાડી સુધી ચોમાસા દરમિયાન ભરાતા વરસાદી પાણીના કાયમી અને ઝડપી નિકાલ અર્થે યોગ્ય ક્ષમતા (Size & Capacity) વાળી નવી પક્કી સ્ટોર્મ વોટર ડ્રેનેજ લાઈન/નાળાનું નિર્માણ કરવાના કામની રજુઆત કરવામાં આવી.

-સહી-
(સતીષભાઈ ગંગારામ પટેલ)
ચેરમેન,સ્થાયી સમિતિ
વાપી મહાનગરપાલિકા

FOR INFORMATION PURPOSE